ગ્રામ-કોમ્પ્યુટર સાહસિક ધ્વારા UDID કાર્ડ કાઢવાની કામગીરી બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: આઇટીપી/૧૦૨૦૧૮/ 03 /આઇટી
સચિવાલય, ગાંધીનગર
તા. ૮/૧/૨૦૧૯

**વંચાણે લીધા** :-

(૧) નિયામકશ્રી સમાજસુરક્ષા ખાતુ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને સંબોધીને લખેલ તા.૯/૮/૨૦૧૮ નો પત્ર ક્રમાંક : સસુખા/અપગ-યુડીઆઈડી/૨૦૧૭-૧૮/૫૩૪૧

**આમુખ** :-

ગ્રામ પંચાયતોની કામગીરીને ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અધતન, સુવ્યવસ્થિત, સમયબધ્ધ, સરળ, ઝડપી બનાવવા રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી ઇ-ગ્રામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૪૦૦૬ ગ્રામપંચાયતો ખાતે કોમ્પ્યુટર્સ અને તેને આનુષાંગિક સાધનસામગ્રી જરૂરી સોફ્ટવેર તેમજ ૮૧ એમ.બી.પી.એસ.ની સ્પીડ સાથેની બ્રોડબેન્ડ ઇ-કનેક્ટીવીટી પુરી પાડવામાં આવેલ છે. તમામ ઇ-ગ્રામ પંચાયતો ખાતે પી.પી.પી. મોડલના આધારે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક(વી.સી.ઇ.) જોડાયેલા છે. ભારત સરકારના ઈલેક્ટ્રોનીક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા ઈ-ગ્રામ સેન્ટરને કોમન સર્વિસ સેન્ટર (CSC) તરીકે માન્યતા આપેલ છે.

ઇ-ગ્રામ પંચાયતો ખાતેથી વી.સી.ઇ. દ્વારા વિવિધ G2C અને B2C, ઇ-સેવાઓ જેવી કે, જન્મ-મરણ પ્રમાણપત્ર, ચારિત્ર્ય પ્રમણપત્ર, આવકના દાખલા, ૭/૧૨ અને ૮-અ ના ઉતારા, ટેક્ષ કલેક્શન, વીજળી બીલ કલેક્શન, રેલવે અને હવાઇ મુસાફરીની ટિકીટ, ટેલિફોન-મોબાઇલના રીચાર્જ, વીમા, મની ટ્રાન્સફર અને મ્યુચલ ફંડની કામગીરી, અન્ય વિભાગના અરજીફોર્મ વિગેરે સેવાઓ પુરી પાડવામાં આવી રહેલ છે.

ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના વિકલાંગ જન સશક્તિકરણ વિભાગ (DEPwD) દ્વારા સમગ્ર દેશમાં "યુનિવર્સલ આઈ-ડી ફોર પર્સનસ વિથ ડીસેબીલીટીઝ" (યુ.ડી.આઈ.ડી.) નો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે જે અંતર્ગત ગુજરાત રાજ્યના દિવ્યાંગોને યુનિક યુ.ડી.આઈ.ડી. કાર્ડ આપવાના થાય છે. આ સેવાને રાજ્યના ઈ-ગ્રામ સેન્ટર પરથી પુરી પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ** :-

ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના વિકલાંગ જન સશક્તિકરણ વિભાગ (DEPwD) દ્વારા દિવ્યાંગજનોને યુનિક યુ.ડી.આઈ.ડી. કાર્ડ આપવા "યુનિવર્સલ આઈ-ડી ફોર પર્સન્સ વિથ ડીસેબીલીટીઝ" (યુ.ડી.આઈ.ડી.) નો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત દિવ્યાંગજનોના રજીસ્ટ્રેશનની કામગીરી ઈ-ગ્રામ સેન્ટર પરથી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

યુ.ડી.આઈ.ડી. કાર્ડના જનરેશન માટે URL http://swavlambancard.gov.in રહેશે. આ પોર્ટલ પરથી નીચે મુજબની ૩ સેવાઓ પુરી પાડવામાં આવશે.

| ક્રમ | સેવા | ફી |
|---|---|---|
| ૧ | દિવ્યાંગજનો દ્વારા એપ્લીકેશન ફોર્મ સબમીટ કરવું | રૂ.૧૦/- |
| ૨ | વિવિધ માહિતી પુરી પાડવી જેમ કે એપ્લીકેશનનું સ્ટેટસ | રૂ.૫/- |
| ૩ | યુ.ડી.આઈ.ડી. કાર્ડ પ્રિન્ટ કાઢવું | રૂ.૩૦/- |

ગ્રામ કોમ્પ્ટર સાહસિકે અનુસરવાની પધ્ધતિ :-

(૧) લાભાર્થીએ ઈ-ગ્રામ સેન્ટર પર જવાનું રહેશે જ્યાં ગ્રામ કોમ્પ્યુટર સાહસિક લાભાર્થી દ્વારા આપવામાં આવેલ માહિતી અનુસારનો ડેટા વેબ એપ્લીકેશન ફોર્મનો ઉપયોગ કરી એપ્લીકેશન ફોર્મમાં દાખલ કરશે.

(૨) ડેટા એન્ટ્રી અને લાભાર્થીના ફોટોગ્રાફ લીધા બાદ ગ્રામ કોમ્પ્યુટર સાહસિક ફોટો સાથે એપ્લીકેશન ફોર્મની પ્રિન્ટ કાઢવાની રહેશે અને ખરાઈ માટે તેના પર લાભાર્થીની સહી મેળવવાની રહેશે.

(૩) ડેટા અને ફોટોગ્રાફ(એપ્લીકેશન ફોર્ની સ્કેન નકલ સિવાય) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગના (DEPwD) સેન્ટ્રલાઈઝ્ડ સર્વરમાં ઓટોમેટિકલી અપલોડ થશે.

(૪) DEPwD તેમની સિસ્ટમમાં અપનાવવામાં આવેલ પધ્ધતિ અનુસાર એપ્લીકેશનનો સ્વીકાર કે અસ્વીકાર કરશે.

(૫) ગ્રામ કોમ્પ્યુટર સાહસિક પોર્ટલ પર એપ્લીકેશનનું સ્ટેટસ ચેક કરશે.

(૬) જો એપ્લીકેશન ફોર્મનો DEPwD દ્વારા સ્વીકાર કરવામાં આવે અને ડેટા DEPwD ના સેન્ટ્રલાઈઝ્ડ બેઝમાં અપલોડ થાય અને યુ.ડી.આઈ.ડી. નંબર જનરેટ થાય ત્યારબાદ ગ્રામ કોમ્પ્યુટર સાહસિક સીટીઝન ફોટો આઈડેન્ટી કાર્ડ (U.D.I.D.)ની પ્રિન્ટ કાઢી લાભાર્થીને આપશે.

(૭) લાભાર્થીના ડુપ્લીકેટ U.D.I.D. ઈ ગ્રામ સેન્ટર પરથી મેળવવાનો વિકલ્પ રહેશે. ફ્રન્ટ એન્ડ એપ્લીકેશન સોફ્ટવેર સાથે ઈન્ટીગ્રેટ કરવામાં આવશે અને લાભાર્થીને પેમેન્ટ બેઝ પર સેવાનો લાભ મળશે. U.D.I.D. પ્રિન્ટીંગ એપ્લીકેશનને એવી રીતે અમેન્ડ કરવામાં આવશે કે જેથી U.D.I.D. કાર્ડ ઈસ્યુ થયા પહેલાં લાભાર્થીનો આધાર નંબર દાખલ કરવામાં આવે. આમ, આધાર નંબરને DEPwD ડેટાબેઝમાં દાખલ કરવામાં આવશે. જે પૂર્ણ થતા, આધાર નંબરને વેરીફાઈ કરવા ડેમોગ્રાફીક ઓથેન્ટીકેશન પૂર્ણ થશે.

(૮) ડી.એલ.ઇ./ટી.એલ.ઇ. **(DLE/TLE)** તાલીમનું આયોજન કરશે અને તેમને સબંધિત ક્ષેત્રમાં ટેકનિકલ સપોર્ટ પૂરો પાડશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(પંચાયત)ની તા.૫/૧/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(મનીષ મોદી)
સી.આઇ.ઓ. અને નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજસુરક્ષા ખાતુ, બ્લોક નં- ૧૬, ડો.જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, બ્લોક નં.૫, પહેલો માળ, ડો.જીવરાજ મેહતા ભવન, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રી
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- SIO, NIC, બ્લોક નં.૧૩, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ